# કુલપતિ સ્થાનેથી...

જૂન ૨૦૧૯માં ગુજરાત સરકારે ફરી વાર મને 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'માં કામ કરવાની તક આપી. ૧૯ જૂનના દિવસે મહાનિયામક તરીકે મેં કાર્યભાર સંભાળ્યો અને ૨૪ જૂનથી કાર્યકારી કુલપતિ તરીકેનું દાયિત્વ સંભાળ્યું.

ફરી એક વાર 'બાળક' સાથે જોડાણ. 'બાળક' વિશે વિચારવું એટલે જીવનના અતિ પ્રારંભિક અને મહત્ત્વના કાળખંડનો વિચાર કરવો. આ સમયમાં બાળકનું ચરિત્રનિર્માણ સરસ રીતે થાય તો સમાજને સુસંસ્કૃત મનુષ્ય પ્રાપ્ત થાય. આજનું બાળક આવતી કાલનો જવાબદાર નાગરિક છે એ ધ્યાનમાં રાખી એની 'આજ' ઘડવી જોઈએ.

અહીં 'બાળ વિશ્વવિદ્યાલય'ની મહત્ત્વની ભૂમિકા છે. બાળક, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર – એ ચારેય તબક્કાનું ચિત્ર અને એની આનુષંગિક યોજનાઓ આ વિશ્વવિદ્યાલયના દૃષ્ટિક્ષેત્રમાં રહેવાં જોઈએ. ઘણા એવું માનતા હોય છે કે 'બાળ વિશ્વવિદ્યાલય'માં ઘણાં બાળકો ભણતાં હશે. નામથી તો એવું જ સમજાય. પણ વાસ્તવમાં 'બાળક કેન્દ્રી' સંશોધનો કરવાં એ અહીંનું મુખ્ય કાર્ય છે.... અને એનો પ્રારંભ બાળકોનાં વિવિધ વયજૂથ પ્રમાણે અનેકવિધ પ્રયોગો કરવા, સર્વેક્ષણો કરવાં અને એના આધાર પર સમાજોપયોગી સંશોધનો કરવાં એનાથી થવો જોઈએ. એ માટે શિક્ષકો તૈયાર કરવા, એમનું પ્રશિક્ષણ કરવું, 'મોટા' ને 'નાના'નું મનોવિજ્ઞાન શીખવવું... અને બાળક કેન્દ્રિત વિવિધ અભ્યાસક્રમોની રચના કરવી. એક મહાસાગર જેવું વિશાળ કામ... કદીયે ખૂટે નહીં એવું! કારણ કે પ્રત્યેક ક્ષણે અનેક બાળકો જન્મ લઈ પૃથ્વી ગ્રહની માટી ખૂંદવા પધારે છે. એમનું હાર્દિક સ્વાગત છે.

સમગ્ર માનવજાતના વિકાસ અને વિસ્તારનો આધાર 'બાળક' છે. જીવન સમસ્તના પ્રશ્નોનું કારણ અને પરિણામ પણ 'બાળક' જ છે.

બાળક નાનું હોય ત્યારે કેવું નિર્દોષ હોય છે! એને રમાડવાનું મન થાય છે, એની સાથે રમવાનું ગમે છે. એનો સંગ જીવનમાં રંગ ભરી દે છે. એની મસ્તી આપણી સુસ્તી ઉડાડી દે છે. એના આનંદમાં આપણે પરમાનંદ અનુભવીએ છીએ. પણ જેવું બાળક મોટું થાય, વિદ્યાર્થી બને અને પછી પરીક્ષાર્થી બને, અને પછી મોટો માણસ બને ત્યારે એની અંદરનું બાળક અદૃશ્ય થઈ જાય છે. નિર્દોષતાના સ્થાને દોષ, આનંદના સ્થાને ઉદ્વેગ અને સરળતાના સ્થાને દંભ અને કપટ છવાઈ જાય છે. આ ચિત્ર આપણે બદલવું છે. બાળક મોટો થયા પછી પણ મૂલ્યાધિષ્ઠિત જીવન જીવે એવું વાતાવરણ આપણે સર્જવું છે.

આપણે બાળક હતા ત્યારે કોઈ આપણને સમજી શકતું નહોતું. હવે આપણે આપણાં બાળકોને સમજી શકતા નથી. બાળવિશ્વને સમજવું કઠિન છે... એટલા માટે જ આ 'બાળવિશ્વ' આપના હાથમાં છે. એનાં સ્વપ્નો અને એની ઈચ્છાઓનો તાગ પામવો મુશ્કેલ છે. એને સમજવા માટે એના સ્તરે નીચે જવું પડે અને એની કલ્પનાની ઉડાન સાથે ઊડવું પડે.



પ્રસન્નતાપૂર્વકનો ત્યાગ જિંદગીને સાત્ત્વિક આનંદથી ભીંજવી દે છે.

કેટલું અઘરું કામ છે આ! માણસ જ્યારે પોતે જ પોતાને સમજી શકતો નથી ત્યાં બાળકને સમજવાનું તો એનું શું ગજું ? આવું એટલા માટે થાય છે કે આપણે મોટા થયા પછી આપણા બાળપણને ભૂલી જઈએ છીએ. આપણામાં છુપાયેલા બાળકને સતત જીવંત રાખીશું તો જ બાળક સમજાશે... અને એ સમજ્યા વિના આપણો આરોવારો નથી. કારણ કે બાળક જ આપણું અને આ સૃષ્ટિનું ભાવિ છે. આપણે એના ભવિષ્યને સ્વસ્થ, સલામત, સંગીન અને રંગીન કરવું હોય તો આપણે વર્તમાનમાં બાળક સાથે ગુણવત્તાયુક્ત સમય (Quality time) વિતાવવો જોઈએ.

પ્રત્યેક બાળક વિકાસની અસીમ... અનંત સંભાવનાઓ લઈને જન્મે છે. તેથી 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના મંત્રદ્રષ્ટા શ્રી નરેન્દ્રભાઈએ સૂત્ર આપ્યું છે... 'Every Child Matters...' 'પ્રત્યેક બાળક મહત્ત્વનું' છે. એમણે એમ પણ કહ્યું છે કે, "બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે."

ફરી મને આપ સહુની સાથે સંપર્ક સ્થાપિત કરવાની સુંદર તક મળી છે... ત્રણ વર્ષ સુધી 'બાળવિશ્વ'ના માધ્યમથી આપને મળતો રહીશ.

સૌનો સ્નેહાધીન

હર્ષદ પ્ર. શાહ

(કાર્યકારી કુલપતિ)










સ્વેચ્છાએ ઉપાડેલી સાચી જવાબદારીનો બદલો કુદરત 'કુદરતી' રીતે આપે જ છે.